**+91 98200 44351**

**Nishith Dharia**
**+91 98200 89657**

*Official Distributor of*

Schneider Electric | SELEC® Creating Best Value

**SENTINEL ELECTRIC CO.**

Mumbai Branch : Lawyers Chamber, 24, R.C. Mama Path, Lohar Chawl, Mumbai - 400 002.
Telefax : 022 - 2206 3528 | 2205 3536 | 2208 5915 | 2203 0555
Talkfree : *7365 | *7366 | 96194 57730
Email: sentinel.mumbai@gmail.com | Website : **www.sentinelelectricco.com**

# હમીરસર તળાવ

- નિમિષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)

હમીરસર તળાવ ૪૫૦ વર્ષ જુનું છે. ગુજરાતના કચ્છના ભુજ શહેરમાં આવેલું આ એક ઐતિહાસિક તળાવ છે. આ તળાવનું નામ ભુજના સ્થાપક જાડેજા શાસક રાઓ હમીર (૧૯૭૨-૧૫૨૪) ના નામ પરથી રાખવામાં આવ્યું છે. તળાવનું બાંધકામ રાઓ ખેંગારજી પ્રથમ (૧૫૪૮-૧૫૮૫) ના શાસન દરમ્યાન કરવામાં આવ્યું હતું. ખેંગારજીએ આ સ્થળની પસંદગી કચ્છના સૂકા અને ખારા વિસ્તારમાં રહેલા રણદ્વીપને જોઈને કરી હતી. ભુજની પાણીની જરૂરિયાત નહેરો અને નદીઓના સંગમ વડે થઈ શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. આ તળાવ જોવાલાયક છે, અને માનવસર્જિત ઐતિહાસિક તળાવ પણ છે. આ તળાવ ૨૮ એકરના વિસ્તારમાં ફેલાયેલું છે અને તેની આસપાસ સુંદર બગીચા આવેલા છે. આ તળાવ ભુજ શહેરની પાણીની જરૂરિયાત પણ સંતોષે છે. આ તળાવના કાંઠાનું બાંધકામ પ્રાગમલજી દ્વિતિય અને વધુ બાંધકામ ખેંગારજી તૃતિયના સમયમાં જયરામ રુડા ગજધરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ બાંધકામ સ્થાનિક કડિયા કચ્છ સમુદાયના મિસ્ત્રીઓએ કર્યું હતું.

૨૦૦૧ના ભૂકંપ પહેલા જ હમીરસરનું મોટા ભાગનું પાણી સૂકાઈ ગયું હતું અને તેનાથી ભુજની પાણીની જરૂરિયાત સંતોષી શકાતી નહોતી. જોકે ભૂકંપ પછી સ્થાનિક લોકો, નગરપાલિકા અને અન્યોની મદદથી ૨૦૦૩ ચોમાસા સુધીમાં તળાવને ભરવા માટેનું કામ પુરુ થઈ ગયું હતું. તેજ વર્ષે ૫૦ વર્ષના સૌથી વધુ વરસાદને કારણે તળાવ છલકાઈ ગયું હતું અને તે ઘટના એક ઉજવણી સમાન બની હતી.



જ્યારે હમીરસર તળાવ વરસાદના પાણીથી ભરાઈ જાય છે ત્યારે આ તળાવની પૂજા કરવામાં આવે છે. પ્રસાદના લાડુ કે જેને ‘મેઘલાડુ’ કહેવામાં આવે છે. તેને નાગરિકોમાં વહેંચવામાં આવે છે. રેકોર્ડ મુજબ ભારતની આઝાદી પછી તળાવ માત્ર ૧૮ વખત જ સંપૂર્ણપણે ભરાયું છે. હમીરસર તળાવ ભુજ શહેરનું હૃદય છે.

હમીરસર તળાવમાં વિવિધ પ્રકારના વિદેશી પક્ષીઓ પડાવ નાંખે છે. જે લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. આ તળાવમાં દર વર્ષે હજારોની સંખ્યામાં વિદેશી યાયાવર પક્ષીઓ સેંકડો કિલોમીટરનું અંતર કાપીને આવતા હોય છે. આ હમીરસર તળાવમાં ગ્રેટ વ્હાઈટ પેલિકન, બ્રાઉન પેલિકન, ડેલમેટિયન પેલિકન, પેઈન્ટેડ સ્ટોર્ક, ગ્રે બગલા, લિટલ બ્લુ બલગા, ગ્રેટ એગ્રેટ, લિટર એગ્રેટ, સ્પોટેડ વ્હિસિલિંગ ડક, માર્બલ ડક, પ્લોવર, રેડ વોટલ્ડ લે પવિંગ, રેડ નેપ્ડ આઈબીસ, ગ્રેટર ફ્લેમિંગો, લેસ્ટર ફ્લેમિંગો જેવા પક્ષીઓ પણ તેની ઋતુ પ્રમાણે જોવામાં આવે છે.

નયનરમ્ય વિદેશી પક્ષીઓ દેશ માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. પેલિકન પક્ષીઓમાં ગુલાબી પેણની સંખ્યા વધારે છે. ભુજમાં રહેતા લોકો સવારના વોંકિગ કરવાના સમયે પોતાના મોબાઈલના કેમેરામાં આ દ્રશ્યે કેદ કરતા પણ નજરે જોવા મળે છે. રશિયાથી ૫૦૦૦ કિલોમિટરનું અંતર કાપીને આ પક્ષીઓ કચ્છમાં આવે છે. હમીરસર તળાવમાં આવતા ગ્રેટ પેલિકન પક્ષી છેક રશિયાથી અહી આવે છે ને માર્ચ મહિનામાં અહીંથી ચાલ્યા જાય છે. 卐 卐 卐


# ચિત્તા

- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)

અમૃત તો મરેલાને જીવતા કરી દે! આઝાદીનાં અમૃતકાળમાં આપણી સંસ્કૃતિ સાથે ચિત્તા પણ પુર્નજીવિત થઈ રહ્યાં છે....

પ્રોજકટ ચિત્તા હેઠળ ભારતમાં ચિત્તાને ફરીથી સ્થાપિત કરવામાં આવી રહ્યાં છે. જે વિશ્વનો પ્રથમ આંતર-ખંડીય વિશાળ જંગલી માંસાહારી ટ્રાન્સલોકેશન પ્રોજેક્ટ છે. ચિત્તા ભારતમાં ખુલ્લા જંગલોમાં અને ઘાસના મેદાનોની ઈકોસિસ્ટમને પુનઃસ્થાપિત કરવામાં મદદ કરશે. કેટલાક ઈતિહાસ વિદ્વાનોનું કહેવું છે કે ચિત્તા શબ્દ સંસ્કૃત શબ્દ ચિત્રામાંથી આવ્યો છે, પરંતુ આ દાવાની સચ્ચાઈ હજી સુધી કરી શકાય નથી.

દેશના વન્યજીવન અને વસવાટને પુર્નજીવિત કરવાના ભાગરૂપે ગયા મહિને વડા પ્રધાન મોદીએ તેમના ૭૨ માં જન્મદિવસે મધ્ય પ્રેદશના શેઓપુર જિલ્લાના કુનો રાષ્ટ્રીય ઉદ્યાનમાં નામીબિયાથી લાવવામાં આવેલા ચિત્તાઓને છોડયા ત્યારે ભારતનું એક સ્વપ્ન સાકાર થયું. આ ચિત્તાઓને રેડિયો કોલર વડે સજ્જ કરવામાં આવ્યા છે જેથી તેનો ટ્રેક રાખી શકાય. કુનો નેશનલ પાર્ક ૭૮૪.૪૦ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલો છે. તેની સ્થાપના ૧૯૮૧માં થઈ હતી. તેને ૨૦૧૮માં રાષ્ટ્રીય દરજ્જો મળ્યો હતો. આમ હવે મધ્ય પ્રદેશ કહી શકશે કે ગુજરાત પાસે સિંહ છે તો અમારી પાસે ચિત્તા છે.



મધ્ય પ્રદેશના શેઓપુરના વતનીઓમાં પણ ચિત્તાઓના આગમનને લઈને ઉત્સાહ હતો. ભારતમાં છેલ્લા ત્રણ ચિત્તાને ૧૯૪૭માં ખતમ કરી દેવાયા હતા. ચિત્તાઓના આગમનના પગલે સ્થાનિક લોકોમાં જબરજસ્ત ઉત્સાહ હતો, તેઓએ ઢોલ-નગારા વગાડયા હતા. આંતર-ખંડીય ટ્રાન્સલોકેશન પ્રોજેક્ટના ભાગરૂપે કાર્ગો એરક્રાફ્ટમાં રાજસ્થાનના જયપુરમાં આઠ ચિત્તા જેમાં પાંચ માદા અને ત્રણ નર લાવવામાં આવ્યા હતા. જયપુરથી તેમને એરફોર્સના ચિનુક હેલિકોપ્ટર દ્વારા મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્ક ખાતે લાવવામાં આવ્યા હતા. આ માટે કુનો નેશનલ પાર્કમાં ખાસ હેલિપેડ બનાવવામાં આવ્યું હતું. ચિત્તાને ૧૯૫૨માં ભારતમાં લુપ્ત પ્રજાતિ જાહેર કરવામાં આવી હતી. ચિત્તા નામીબીયાના છે અને આ વર્ષની શરૂઆતમાં હસ્તાક્ષર કરાલેયા એમઓયુ હેઠળ લાવવામાં આવ્યા છે. આ પહેલા ૧૯૭૦ માં તે સમયના વડા પ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીએ ચિત્તાને ભારત લાવવા પ્રયાસ કર્યો હતો પણ સફળતા મળી નહોતી. આ સફળતા હાલના આપણા દેશના વડા પ્રધાન પી.એમ. મોદીને મળી છે. આ વિશ્વનું અત્યાર સુધીનું સૌ પ્રથમ ઐતિહાસિક ટ્રાન્સલોકેશન છે.

ભવિષ્યમાં આફ્રિકાથી એમપીના કુનો નેશનલ પાર્કમાં ૨૫ થી વધુ ચિત્તા લાવવામાં આવશે. આનાથી પર્યાવરણ સંરક્ષણ અને વન્ય જીવ સંરક્ષણ પ્રત્યે વડાપ્રધાનની પ્રતિબદ્ધતાને સાબિત કરે છે. આ પ્રોજેક્ટને લીધે પર્યાવરણ-વિકાસ અને પર્યાવરણ-પર્યટન પ્રવૃત્તિઓ દ્વારા સ્થાનિક સમુદાય માટે આજીવિકાની ઉન્નત તકો પણ મળશે.

ચિત્તાઓને ભારતમાં લાવનાર એરક્રાફ્ટની મુખ્ય કેબિનમાં પાંજરાને સુરક્ષિત રાખવા માટે ફેરફાર કરવામાં આવ્યો હતો. આ એરક્રાફ્ટ એક અલ્ટ્રા-લોન્ગ રેન્જ જેટ છે જે ૧૬ કલાક સુધી ઉડાન ભરી શકે છે. આ વિમાને વચ્ચે ઈંધણ ભરવા માટેના સ્ટોપની જરૂર નથી. તે નામિબિયાથી સીધું જ ભારત આવ્યું હતું. જે ચિત્તાઓની સુખાકારી માટે એક મહત્વપૂર્ણ પગલુ મનાય છે. જ્યારે પ્લેન હવામાં હોય ત્યારે ચિત્તાઓને ડૉક્ટરોની સલાહ મુજબ કોઈ ખોરાક આપવામાં આવ્યો ન હતો, ઉબકાથી બચવા માટે સાવચેતી જરૂરી હતી.

ઉદ્‌ઘાટન વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ચિત્તાઓને જોવા માટે દેશવાસીઓએ થોડી ધીરજ રાખવી પડશે. ચિત્તા હજુ મહેમાન છે અને આ જગ્યાથી અજાણ છે. તે ભારતને પોતાનું ઘર બનાવે તેની રાહ જોવી પડશે. આજે આ ચિત્તા મહેમાન બનીને આવ્યા છે. કૂનો નેશનલ પાર્કને તેઓ પોતાનું ઘર બનાવી શકે એ માટે આપણે પણ તેઓને સમય આપવો પડશે.

# પાવરફુલ પર્સનાલીટી

- તંત્રી મંડળ તરફથી

## ગૌતમ શાંતિલાલ અદાણી

તેઓ એક ભારતીય ઉદ્યોગપતિ છે અને અમદાવાદ સ્થિત બહુરાષ્ટ્રિય સમહૂ અદાણી જૂથના અધ્યક્ષ અને સંસ્થાપક છે. તેમનો જન્મ ગુજરાતમાં પિતા શાંતિલાલ અને માતા શાંત અદાણીને ત્યાં જૈન પરિવારમાં થયો હતો. તેમને ૭ ભાઈ-બહેન છે. તેમના માતા પિતા ઉત્તર ગુજરાતના થરાદ થી અમદાવાદ આવીને વસ્યાં હતા. ગૌતમ શાંતિલાલ અદાણીનો જન્મ ૨૪ જૂન ૧૯૬૨ના રોજ થયો હતો.



અમદાવાદમાં તેમનું પ્રાથમિક શિક્ષણ શેઠ ચિમનલાલ નાગીનદાસ વિદ્યાલયમાં થયું હતું. તેમણે ગુજરાત યુનિવર્સિટીમાં વાણિજ્ય વિષયમાં સ્નાતક અભ્યાસ ક્રમમાં પ્રવેશ મેળવ્યો હતો. પરંતુ કોલેજના બીજા વર્ષ દરમિયાન જ અભ્યાસ અધૂરો છોડયો કારણ કે તેઓ વ્યાપાર માટે ઉત્સુક હતા. અભ્યાસ છોડયા પછી તેમની રુચિ પિતાના કાપડ ઉદ્યોગમાં બિલકુલ નહોતી.

તેઓ ૧૯૭૮માં કિશોર વયે મુંબઈમાં સ્થળાંતર થયા. ત્યાં તેઓ મહેન્દ્ર બ્રધર્સ નામની પેઢીમાં હીરા ઉદ્યોગના કામમાં જોડાયા. આ પેઢીમાં ૨-૩ વર્ષ કામ કર્યા બાદ ઝવેરી બજાર (મુંબઈ) માં પોતાની એક હીરા બ્રોકરેજ પેઢી સ્થાપી.

૧૯૮૧માં તેમના મોટાભાઈ મનસુખભાઈ અદાણીએ અમદાવાદ ખાતે એક પ્લાસ્ટીક એકમની સ્થાપના કરી. તેના વ્યવસ્થાપનાની જવાબદારી લઈ તેઓ મુંબઈ છોડી અમદાવાદ પાછા ફર્યા. પોલીવિનાઈલ ક્લોરાઈડના આયાતના ઉદ્યોગ સાહસે અદાણી માટે આંતરરાષ્ટ્રીય વ્યાપારના દરવાજા ખોલી નાખ્યા.

આજે અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી બન્યા છે. વિશ્વના બીજા નંબરના સૌથી અમીર વ્યક્તિ. વિશ્વના ટોપ-૧૦ અબજોપતિઓની યાદીમાં એલોન મસ્ક પછી ગૌતમ અદાણી એકમાત્ર વ્યક્તિ છે. ફોર્બ્સના રિયલ ટાઈમ બિલયોનેર ઈન્ડેક્સમાં ગૌતમ અદાણી વિશ્વના બીજા સૌથી અમીર વ્યક્તિ બની ગયા છે. અબજોપતિની યાદીમાં એલોન મસ્ક પછી હવે ગૌતમ અદાણી એકમાત્ર વ્યક્તિ છે. ફોર્બ્સના રિયલ ટાઈમ બિલિયોનેર ઈન્ડેક્સમાં આ સ્થાન હાંસલ કરવા ગૌતમ અદાણીએ બર્નાર્ડ આર્નોલ્ટને પાછળ છોડી દીધા છે. જો કે તેઓ હજુ પણ બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સમાં ત્રીજા સ્થાને છે.

અદાણી ગ્રુપની આ સિદ્ધિ જે રેકોર્ડ ઊંચાઈએ પહોંચી છે, જેણે માર્કેટ કંપની દ્રષ્ટિએ LIC અને ITC ને પાછળ છોડી દીધા હતા. ફોર્બ્સ રિયલ ટાઈમ બિલિયોનેર્સ ઈન્ડેક્સ મુજબ અદાણીની સંપત્તિમાં $ ૫.૫ બિલિયનનો વધારો થયો હતો. હવે તે ૧૫૫.૭ બિલિયન ડોલરની

સંપત્તિ સાથે વિશ્વના બીજા નંબરના અબજોપતિ બની ગયા છે. તેમની ઉપર એટલે કે નંબર વન પોઝિશન પર એલોના મસ્ક છે. જેની કુલ સંપત્તિ $ ૨૭૩.૫ બિલિયન ડોલર છે. અદાણી પછી બર્નાર્ડ આર્નોલ્ટ $ ૧૫૫.૨ બિલિયનની નેટવર્થ સાથે ત્રીજા નંબરે છે. બીજા ભારતીય બિઝનેસમેન રિલાયન્સના ચેરમેન મુકેશ અંબાણીની આપણે વાત કરીએ તો તેઓ $ ૯૨.૬ બિલિયન સાથે આ યાદીમાં આઠમા નંબરે છે.

અદાણીની મોટાભાગની સંપત્તિ અદાણી ગ્રુપમાં તેમના જાહેર હિસ્સામાંથી મેળવે છે. માર્ચ ૨૦૨૨ના સ્ટોક એક્સચેન્જના રિટર્ન ફાઈલિંગ અહેવાલ મુજબ ગૌતમ અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી પાવર અને અદાણી ટ્રાન્સમિશનમાં ૭૫% હિસ્સો ધરાવે છે. તેઓ અદાણી ગેસના લગભગ ૩૭%, અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોનના ૬૫% અને અદાણી ગ્રીન એનર્જીનો ૬૧% હિસ્સો ધરાવે છે. આ તમામ કંપનીઓ જાહેર ક્ષેત્રમાં વેપાર કરે છે. તેમાંથી અદાણી આ આવક મેળવે છે. તેમની કંપનીનું હેડ ક્વાટર અમદાવાદ સ્થિત છે. બ્લૂમબર્ગ અનુસાર અદાણી ભારતમાં સૌથી મોટી પોર્ટ ઓપરેટર, થર્મલ કોલસા ઉત્પાદક અને કોલસાના વેપારી છે. અદાણી એન્ટરપ્રાઈઝે ૧૯૯૪માં ગુજરાત સરકાર પાસેથી મુન્દ્રા પોર્ટ પર પોતાનો કાર્ગો હેન્ડલ કરવા માટે પોર્ટ ફેસિલિટી સ્થાપવાની મંજૂરી લીધી હતી. પ્રોજેક્ટમાં સંભવિતતા જોઈને અદાણીએ તેને કોમર્શિયલ પોર્ટમાં ફેરવવાનું નક્કી કર્યું. તેમણે ભારતમાં સૌથી મોટું બંદર બનાવવા માટે સમગ્ર ભારતમાં ૫૦૦ થી વધુ જમીન માલિકો સાથે વ્યક્તિગત રીતે વાટાઘાટો કરીને રેલ અને જમીન માર્ગ જોડાણનું નિર્માણ કર્યું. અદાણીએ ૨૦૦૯માં પાવર જનરેશનમાં પ્રવેશ કર્યો હતો.

卐 卐 卐



# સાઉથની ફિલ્મોનો મધ્યાહ્‌ને તપતો સૂરજ

**- નિલેશ નવીનચંદ્ર દેસાઈ (તેલવાલા)**

સાઉથમાં જે રીતે મોટા ફલક પર બિલકુલ અલગ પ્રકારની ફિલ્મો બનાવાય છે એ જ એની પૈસાની ટંકશાળ તરીકે સાબિત થાય છે.

સાઉથની 'બાહુબલિ' ૨૦૧૫માં આવી પછી ૨૦૧૬ માં રજનીકાંતની 'કબાલી' આવેલી. ૨૦૧૭માં 'બાહુબલિ'નો બીજો ભાગ આવ્યો, તો ૨૦૧૮માં કોલ્લમ ગોલ્ડ માઈન્સ એટલે કે સોનાની ખાણો પરની ૧૯૬૦ અને ૧૯૭૦ ના દાયકાનું બેકગ્રાઉન્ડ ધરાવતી કન્નડ સ્ટાર યશની 'કેજીએફ વન' નેશનલ ક્રેઝ પેદા કરી ગયેલી. ૨૦૧૯માં પ્રભાસની 'સાહો' આવી. ૨૦૨૦ વર્ષ કોરોના રોગચાળાને કારણે બગડયું પણ ૨૦૨૧માં 'પુષ્પા' સાથે ફરી સાઉથ ફિલ્મથી છવાઈ ગયું ને હવે 'આરઆરઆર' આવી ગઈ.

એક જમાનો હતો જ્યારે હિન્દી ફિલ્મો નેશનલ ક્રેઝ પેદા કરતી. ૧૯૭૦ના દાયકામાં શોલે, ૧૯૮૦ના દાયકામાં લવ સ્ટોરી, મૈને પ્યાર કિયા, ૧૯૯૦માં દાયકામાં હમે આપ હૈં કોન, બોર્ડર, કુછ કુછ હોતા હૈ, દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે વગેરે એવી સુપરડુપર હિટ ફિલ્મો આવેલી. ૨૦૦૦ના દાયકામાં સન્ની દેઓલની ગદર ફિલ્મે પણ આવો જ ક્રેઝ ઉભો કરેલો. હવે સાઉથની




ફિલ્મો એવો ક્રેઝ પેદા કરે છે.

સાઉથની ફિલ્મોની ક્વોલિટી જોરદાર હોય છે. સાઉથની મોટા ભાગની ફિલ્મોમાં સ્ક્રીપ્ટથી માંડીને સ્ટાઈલ સુધીની બધી બાબતો પર જોરદાર ધ્યાન અપાય છે. ટેકનોલોજીનો જબરજસ્ત ઉપયોગ અને લોકોને ખુશ કરી દે એવું મ્યુઝિક. સાઉથના સર્જકો દર્શકોને આશ્ચર્યચક્તિ થઈ જવાય એવી દુનિયામાં લઈ જાય છે.




ફિલ્મ જબરજસ્ત એન્ટરટેઈનિંગ હોય છે. તેથી લોકોને સાઉથની ફિલ્મ જોયા પછી પૈસા વસૂલની ફિલિંગ આવે છે. સાઉથના સુપરસ્ટાર્સ દરેક ફિલ્મ માટે નવી સ્ટાઈલ, નવા લૂક લઈને આવે છે. નેગેટિવ લાગે એવાં કેરેક્ટર્સ પણ કરે છે. 'પુષ્પા' અને 'આરઆરઆર'ની સફળતા એ વાતનો પુરાવો છે.

卐 卐 卐

# પ્રાકૃતિક જીવન અને સદ્વિચારોનું તેજ.....

**- કીરીટ ધારીઆ (પ્રતિક્રમા)**

જો આપણે ખરેખર શ્રેષ્ઠ, સમૃધ્ધ અને સુખદ જીવન જીવવું હોય તો આપણે કુદરતી જીવન પદ્ધતિ અપનાવવી પડશે અને સદ્વિચારોનું આચરણ આપણા જીવનમાં તેજ અપાવશે.

પ્રાતઃકાળે સૂર્યનમસ્કાર, પ્રાણાયમ, ઊગતા સૂર્યનું ધ્યાન વગેરેનો નિયમિત અભ્યાસ કરવો જોઈએ. યોગીઓ તેમજ મહાપુરુષોએ લખેલું આધ્યાત્મિક સાહિત્ય તથા શાસ્ત્રોનો સ્વાધ્યાય પણ કરવો જોઈએ. તેને માટે આપણું ઘર તથા આસપાસનું વાતાવરણ સ્વચ્છ હોવું જોઈએ.

આપણો સમય, શ્રમ, ધન તથા પ્રતિભાનો જનકલ્યાણ તથા સમાજના કલ્યાણ માટે બને તેટલો વધારે ઉપયોગ કરવો જોઈએ. એનાથી આપણું જીવન વધારે સફળ, સુખદ તથા કલ્યાણકારી બનશે.

કુદરતી જીવનપદ્ધતિ, ભારતીય જીવનશૈલી, યોગ, આધ્યાત્મિકતા અને ધાર્મિક પ્રવૃત્તિ અપનાવવી અને લોકોને પ્રેરણા આપવી જોઈએ.

વૈદિક ઋષિની દ્રષ્ટિએ દરેક દિશાએથી શુભ વિચારો પ્રાપ્ત થાઓ. માનવ જીવનમાં સારું અને ખરાબ, સુખ અને દુઃખ, ઉત્થાન અને પતનનું મુખ્ય કારણ મનુષ્યના વિચારો જ છે. સારા અને શુભ વિચાર તે અંતઃકરણને સ્પર્શી આનંદ આપે છે. તે મનુષ્યને ઓજસ્વી અને સંસ્કારવાન બનાવે છે અને જીવ સંગ્રામમાં એક કુશળ યોદ્ધાની જેમ વિજય પણ અપાવે છે. સદ્વિચારમાં વ્યક્તિ-નિર્માણની મહાન શક્તિ હોય છે. એટલે તે મનુષ્યના અંધાકરમય જીવનને પ્રકાશમય બનાવે છે. સંસારમાં જે સુંદરતા જોવા મળે છે તે મનુષ્યના સદ્વિચારોનું પરિણામ છે. એના જોડે અધાસ્ય રોગીઓને સ્વસ્થતાનો અનુભવ થાય છે. એટલે મનુષ્યે નિરંતર સદ્વિચોરોના સંપર્કમાં રહેનાનો અભ્યાસ કરવો જોઈએ.

સદ્વિચારો તમારું રક્ષણ કરે છે. અને ખરાબ વિચારોને દૂર કરે છે. તે તાજગી અને લાંબી અસર કરનારા હોય છે. તે અનેક સમસ્યાઓનું સમાધાન શોધી આપે છે. જેનો આત્મા પ્રબુધ્ધ છે તેનાથી પરમેશ્વર નજદીક હોય છે.

એટલે તો 'આજનો દિવસ સરસ ઊગ્યો' એમ કહેનારા માણસનો 'આજનો દિવસ સરસ વિત્યો' સદ્વિચાર એ મહાન આશીર્વાદ છે.

કોઈપણ સંઘર્ષના સફળ અંત સુધી પહોંચવાની ક્ષમતા દરેકની અંદર હોય છે. આપણે ભીતર રહેલી હકારાત્મકતા ક્ષમતાનો ઉપયોગ કરવાનો છે.

લાચારી એટલે શું ? માણસ પાસે અમાપ શક્તિ હોય, અઢળક સાધનો હોય, છલકાતો વૈભવ હોય, નાજુક સંબંધોનું હૂંફ હોય છતાં જીવનમાં એકાદ પળે એને લાગે કે, 'અરેરે - હું કશું જ નથી! કશું જ કરી શકતો નથી!' આ થકવી નાખનારી વિવિશતાનું નામ છે લાચારી. છેલ્લા શ્વાસ સુધી જીવી લેવાની ઈચ્છા ગમે તેવી લાચારી, પરિસ્થિતિના ડંખને પચાવી જાય છે. જેના ઉદાહરણો આપણા ગ્રંથોમાં જોવા મળે છે. દ્રૌપદીનું કૌરવની સભામાં વસ્ત્રાહરણ વખતે દુર્યોધનનું અન્યાયપૂર્ણ વર્તનમાં ભીષ્મ પિતામહની પ્રતિજ્ઞાભંગ લાચારી. ભરત પોતાની માતા કૈકેયી દ્વારા થતું ભયંકર અનિષ્ટ આચરણ જેમાં પિતાનું મૃત્યુ અને રામ-લક્ષ્મણ-સીતાનું વનગમન થવા છતાં ભરત જેવા ખડતલ માણસની વિવશતા અને હૃદય ભરાઈ જાય છે. છતાં કેટલો લાચાર થઈ જવું. સુદામાની પત્ની ગરીબીથી તંગ આવી ગઈ છતાં કૃષ્ણ પાસે દ્વારકા જવા સુદામાની લાચાર સ્થિતિ થવા છતાં લાચારીની તકને કૃષ્ણના મળવાના ઉત્સવમાં ફેરવી દેવી.

આપણી પાસે કંઈ જ ના હોય એ બહુ મોટી વાત નથી. ખરી વિવશતા એ છે કે આપણી પાસે આપણા ઈશ્વર ન હોય. તેથી ભીતર હકારાત્મક ક્ષમતાનો ઉપયોગ ખૂબ મહત્વપૂર્ણ છે. 卐 卐 卐

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

C/o શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ, ૪૫/૪૯ બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨

## આવ્યો રે મહા ઓચ્છવ

**વાડાસિનોરના સમસ્ત દશાનિમા વૈષ્ણવો, જય જય શ્રી ગોકુલેશ**

પ્રતિ વર્ષ મુજબ ચાલુ વર્ષે પણ ઉપરોક્ત ગોકુલેશ સમાજ આયોજીત તથા શ્રીમતી તારાબેન રમણલાલ મોદી (ચોધરી) પુરસ્કૃત પરમ પાવનકારી પર્વ શ્રી મહાઓચ્છવ મુંબઈમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવશે. માગસર સુદ ૭ ને બુધવાર તા. ૩૦.૧૧.૨૦૨૨ના શુભ દિને આ પાવન ઉત્સવનું આયોજન હાથ ધરાયેલ છે.

### ઉત્સવના મનોરથી

આ ઉત્સવના મનોરથી બનાવાનું સૌભાગ્ય શ્રીમતી શારદાબેન જેઠાલાલ દોશી તથા શ્રીમતી લીલાબેન પ્રવિણચંદ્ર કચેરીઆ હસ્તે શ્રીમતી નિપૂર્ણા હિતેષ દોશી તથા તેમના સમસ્ત પરિવારને પ્રાપ્ત થયેલ છે.

### કાર્યક્રમ

મનોરથીના નિવાસસ્થાન '૧૦૬, એન્ટરપ્રાઈઝ એપાર્ટમેન્ટ, ફોરજેટ હીલ રોડ, તાડદેવ, મુંબઈ ૩૬. મુકામે બપોરે ૩.૦૦ કલાકે સમાજ બેસશે અને પ્રભુના પ્રાક્ટયની વધાઈ, ધોળ, કિર્તન થશે. તેમજ સાંજે ૬.૩૦ કલાકે સત્સંગ મંડળ, બી, ૧૧૨, ૧ લે માળે, પ્લોટ નં. ૫૮૫, ૫૮૮ અને ૫૮૯, બી વીંગ, શુભમ રીહેબ, અમૃતવાડી, વી.પી. રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૪ થી કળશનો વરઘોડો નીકળી લાડવાડી, સી.પી. ટેન્ક જશે. સાંજે ૭.૦૦ કલાકે ઉત્સવના પુરસ્કૃત દાતાનું તેમજ પ્રસંગના મનોરથીનું તેમજ તેમના કુટુંબીજનોનું સન્માન સમાજ તરફથી કરવામાં આવશે.

### ભાવભીનું આમંત્રણ

તેજ દિવસે સાંજે ૭.૩૦ કલાકે વાડાસિનોરનાં મુંબઈમાં તેમજ પરામાં રહેતા સર્વ દશાનિમા વૈષ્ણવોને સહકુટુંબ સહ પરિવાર પ્રસાદ ગ્રહણ હેતુ લાડવાડીમાં પધારવા અમારું ભાવભીનું આમંત્રણ છે.

તો આ દરેક પ્રસંગે આપ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રસંગને દીપાવશો.

**લી.**

**શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજવતી**

**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારિઆ (હેડમાસ્તર) - પ્રમુખ**

**શ્રી બિપીન કિર્તનલાલ દોશી - ઉપપ્રમુખ**

**શ્રી જસ્મીન બિપીન શેઠ, શ્રી કિર્તી હીરાલાલ કડકીઆ તથા શ્રી ભૂપેન્દ્ર સુંદરલાલ કડકીઆ**

**માનદ્ મંત્રીઓ**

**સમસ્ત કારોબારી સમિતીના સભ્યો તથા**

**પ્રસંગના મનોરથી તેમજ પુરસ્કૃત દાતા ના..... જય જય શ્રી ગોકુલશ.**

# શ્રી બાલાસિનોર ગોકુલનાથજી મંદિર

।। શ્રી ગોકુલેશો જયતિ ।।



# ફગવા ઉત્સવ બાલાસિનોર આમંત્રણ

શ્રી ભગવદ્ કૃપાથી શ્રી બાલાસિનોર ગોકુલનાથજી મંદિર ફગવા ઉત્સવે બાલાસિનોર ખાતેના મનોરથી બનવાનું સૌભાગ્ય અમને સાંપડયુ છે. આપ સૌ બાલાસિનોર વાસીઓને ફગવા ઉત્સવ બાલાસિનોર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**ઉત્સવ મનોરથી**

**સ્વ. ચીમનલાલ છોટાલાલ દેસાઈ (ગાંડા દેસાઈ) નો પરિવાર**

**કાર્યક્રમ**

**સોમવાર : તા. ૨૭-૨-૨૦૨૩**

**કિર્તનીયા : સાંજના ૪.૩૦ કલાક થી ૬.૩૦ કલાક**

**સ્થળ : પાયગા શેરી (મનોરથીના નિવાસ સ્થાને)**

**મંગળવાર : તા. ૨૮-૦૨-૨૦૨૩**

**ફગવા ઉત્સવ : સવારે ૯.૩૦ કલાકે**

શ્રી ગોકુલનાથજી મંદિરથી શોભાયાત્રા નીકળીને ફગવે પધારશે. અને શ્રી ઠાકોરજીના ખેલનાં દર્શન અને રસિયા ગવાશે.

**નોંધ : તા. ૨૬, ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૩ની અને ૦૧-૦૩-૨૦૨૩ ના સવારનો નાસ્તો, બપોરનું ભોજન તેમજ રાત્રીના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.**

ભોજનનો સમય, સ્થળ અને અન્ય માહિતી આવતા અંકમાં જણાવવામાં આવશે.

**વલ્લભદાસ ચીમનલાલ દેસાઈ - ગોપાલદાસ ચીમનલાલ દેસાઈ, રજનીકાંત ચીમનલાલ દેસાઈ**

**સર્વે બાલાસિનોર વાસીઓને જે જે શ્રી ગોકુલેશ**

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

## મેડીકલ સેંટર

### ખુશ ખબર

**સર્વે વાડાસિનોર વાસીઓ,**

જત જણાવવાનું કે ફરી એકવાર શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ સંચાલીત મેડીકલ સેંટર ચોપાટી ખાતે નીચે જણાવેલ પેકેજો (એક પેકેજ પર એક પેકેજ ફ્રી) તા. ૧ લી એપ્રીલ થી શરૂ કરવામાં આવે છે. સૌ. મે. N.M. Medical

| ક્રમાંક | પેકેજના નામ | કિંમત |
|---|---|---|
| ૧. | N.M. Health Plan Primary | ૩૫૦૦.૦૦ |
| ૨. | N.M. Health Plan Gold | ૭૯૫૦.૦૦ |
| ૩. | N.M. Health Plan Gold Plus | ૧૦૯૫૦.૦૦ |
| ૪. | N.M. Health Plan Platinum | ૧૯૦૦૦.૦૦ |
| ૫. | N.M. Health Plan Diamond | ૩૩૫૦૦.૦૦ |
| ૬. | N.M. Senior Citizen Plan | ૮૦૦૦.૦૦ |

વધુમાં જણાવતાં સહર્ષ આનંદ અનુભવીયે છીએ કે જોગેશ્વરી થી બોરીવલી સુધીના રહેવાસીઓ માટે Pathology Test કરાવનારને ફ્રી હોમ વિઝીટની સેવા મળશે. સૌ મે. N.M. Medical

આશા છે કે આપ સૌ વધુમાં વધુ લોકો ઉપર જણાવેલ સેવાઓ નો લાભ લેશો અને સંસ્થાની પ્રગતીમાં અપરોક્ષ રીતે ફાળો નોંધાવશો.

આ અંગેની વધુ વિગતો નીચે જણાવેલ ફોન નંબર પર મેળવી લેવા વિનંતી.

સંપર્ક હેતુ નવો ફોન તથા વોટસઅપ નંબર આપણા સૌની સુવિધા ખાતર રાખવામાં આવેલ છે. સૌને વિનંતી કે આપની જરૂરિયાત મુજબ આપ નીચે જણાવેલ નંબરોનો ઉપયોગ કરી શકશો.

**લેન્ડલાઈન નંબર - ૦૨૨-૨૩૬૭૦૧૬૯ - મોબાઈલ તથા વોટ્સ અપ નંબર - + ૯૧ ૯૮૬૭૯૯૧૮૪૩**

**કારોબારી સમિતિ વતિ મંજુલ ધારિયા, અનિશ ગાંધી, સમીર શાહ - માનદ્ મંત્રીઓ**

---

# શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

જત જણાવવાનું કે સમાજની કાર્યવાહક સમિતિના એક એવી બેઠકમાં નક્કી થયા મુજબ સમાજ તરફથી ફાળવવામાં આવતી સહાયની રકમ અપૂર્તી હોવાથી સમાજ રૂા. ૧૦,૦૦૦/- ની એક એવી મીતી ની રજુઆત કરે છે. આ રકમ જે તે વર્ષમાં આવશે તે જ વર્ષમાં સહાયરૂપી વાપરવામાં આવશે.

યદી આપ જો આપની મીતી નોંધાવવા ઈચ્છતા હો તો નીચે જણાવેલ સંસ્થાના કાર્યકર્તાઓનો સંપર્ક સાધવા વિનંતી.

**શ્રી વ્રજેશ દેસાઈ-૯૮૨૦૦૩૯૩૦૪, શ્રી કાર્તિકેય કડકીઆ-૯૮૨૦૦૩૦૮૪૨, શ્રી કિર્તી કડકીઆ-૯૮૨૧૦૨૯૨૭૦**

અથવા સંસ્થાના હોદ્દેદાર નો સંપર્ક સાધશો.

**કારોબારી સમિતિ વતિ મંજુલ ધારિયા, અનિશ ગાંધી, સમીર શાહ - માનદ્ મંત્રીઓ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસમાં) ઓગષ્ટ માહે ૨૦૨૨ના માસ દરમ્યાન નીચે મુજબના દર્દીઓએ લાભ લીધેલ છે.**

મેડીકલ, ગાયનેક, સર્જીકલ, ઓપીડી તેમજ સર્જીકલ ડ્રેસીંગ, આંખ, માનસિક, સોનોગ્રાફી, મોબાઈલ, ફીજીયોથેરાપી તેમજ ઈમરજન્સીમાં કુલ ૭૦૦૨ દર્દીઓએ, એક્ષ રે વિભાગમાં ૩૪૫ દર્દીઓએ તથા પેથોલોજી વિભાગમાં કુલ ૪૪૪ દર્દીઓએ લાભ લીધેલ છે. સર્જનના મેજર ઓપરેશન ૧૪ માઈનોર ૧૬, ગાયનેકના મેજર ઓપરેશન ૩૭ તથા માઈનોર ૦૪ તથા ઈએનટી માઈનોર ૪૭ તેમજ આંખના મેજર ૧૧૨ ઓપરેશનો કરવામાં આવેલ છે. તેમજ દવાની રૂા. ૮૫૬૮૧૭/-ની માફી તેમજ ઈન્ડોરમાં રૂા. ૫૮૯૦૫/- ની માફી તેમજ ઓપીડીમાં (લેબ, એક્સરે, ઓક્સીજન વિગેરે) માં રૂા. ૮૯૯૧૦/- ની માફી કરવામાં આવેલ છે.

**હોસ્પિટલમાં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

**૧. કુસુમબેન કીર્તનસાસ પાકેખ છારી કેમ્પ :** હોસ્પિટલમાં તા. ૨૬-૮-૨૦૨૨ના રોજ ૩૭ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**૨. મણીબેન મોહનલાલ શાહ (વસનજી) તથા રમતીબેન રમણલાલ કડકીઆ (ટોકરસી) ઈકો કેમ્પ :** તા. ૪-૮-૨૦૨૨ના રોજ ૩૧, તા. ૧૮-૮-૨૦૨ના રોજ ૪૨ મળી કુલ ૭૩ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટરમાં માહે ઓગષ્ટ ૨૦૨૨ના માસ દરમ્યાન ફીજીશીયન, ઈએનટી, ઓર્થો, સ્કીન, ડેન્ટલ, ઈમરજન્સી, નેફ્રોલોજી તેમજ ગેસ્ટ્રોલોજીના મળી કુલ ૧૮૧૮ દર્દીઓએ તથા એક્ષરે વિભાગમાં ૨૫૧ દર્દીઓએ તેમજ પેથોલોજી વિભાગમાં ૧૧૧૨ દર્દીઓએ તેમજ સીટી સ્કેન વિભાગમાં ૯૨ દર્દીઓએ લાભ લીધેલ છે. રૂા. ૧૫૦૬૪/- ની દવા માફી, તથા રૂા. ૧૦૦/- કેસ ફીની માફી મળીને કુલ રૂા. ૧૫૧૬૪/- ની માફી કરવામાં આવેલ છે. તથા ડાયાલીસીસમાં સરકારશ્રીની મા યોજના હેઠળ ૨૩૧ દર્દીઓએ લાભ લીધેલ છે.

**કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોંધાયેલ દાન**

૧. શ્રીમતી હેમલતાબેન ગોપાલભાઈ કડકીઆ (ઓટલાવાળા) રૂા. ૧,૧૦,૦૦૦/-

તરફથી સદગત ગોપાલભાઈ ચીમનલાલ કડકીઆની સ્મૃતિમાં નવુ ડોનેશન પ્રાપ્ત થયેલ છે. તેઓના આગળના દાનના રૂા. ૧૪૧૦૦૦/- સાથે તેઓનું કુલ ડોનેશન રૂા. ૨૫૧૦૦૦/- થયેલ છે. આ ઉપરાંત તેઓશ્રી તરફથી આઈસીયુના ઉપયોગ માટે રૂા. ૧૫૦૦૦૧/- નું દાન પ્રાપ્ત થયેલ છે. સંસ્થા દાતાશ્રીનો ખુબ ખુબ આભાર માને છે.

૨. શ્રી અનિલકુમાર સનતકુમાર પરીખ રૂા. ૨૫૦૦૦/-

સ્વ. મુકુંદભાઈ ભાઈલાલભાઈ પરીખ (સાંઈબાબા મંદીરવાળા) ની સ્મૃતિમાં

૩. શ્રી કુણાલ રશ્મિકાંત કડકીઆ અને તન્વી કુણાલ કડકીઆ રૂા. ૨૨૦૦૦/-

હસ્તે રશ્મિકાંત કિર્તનલાલ કડકીઆ (ધંગેલા) બે મિતિ

**નોંધ :** સદર દાન માહે એપ્રિલ-૨૨ના માસમાં આવી ગયેલ હતું. પરંતુ શરતચૂકથી જ્યોતિપુંજમાં પ્રસિદ્ધ કરવાનું રહી ગયેલ છે. તો દાતાશ્રી દરગુજર કરે.

૪. શ્રી પ્રતિકકુમાર કીર્તીકુમાર કડકીઆ રૂા. ૧૧૦૦૧/-

શ્રી કચેરીયા મોજીલાલ ગોરધનદાસ જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની ૨૬મી વાર્ષિક સામાન્ય સભા તથા શ્રી બાલાસિનોર સેવા સમાજની ૫૮ મી વાર્ષિક સામાન્ય સભા તા. ૧૬-૯-૨૦૨૨ને શુક્રવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે બાલાસિનોર પ્રગતિ સમાજ ખાતે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કોલકત્તાવાળા) સભાગૃહ, મુંબઈ ખાતે પ્રમુખશ્રી વસંતભાઈ શાંતિલાલ પરીખની અનઉપસ્થિતિમાં ઉપપ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ કે. દેસાઈના પ્રમુખસ્થાને મળેલી.

સભાના પ્રારંભમાં વર્ષ દરમ્યાન ટ્રસ્ટના સદગત ટ્રસ્ટીઓ તથા દાતાશ્રીઓના થયેલ નિધન બદલ બે મિનિટ મૌન પાળી સદગતના માનમાં શોક વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભામાં એજન્ડા મુજબ ગત વાર્ષિક સામાન્ય સભાની કાર્યનોંધનું વાંચન મંત્રીશ્રી નિતિન પરીખે કર્યું હતું. તેમજ એજન્ડા મુજબના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

એજન્ડા નં-૫ મુજબ ટ્રસ્ટના બંધારણની કલમ નં.૫ અન્વયે ટ્રસ્ટી મંડળમાંથી ફારેગ તથા ૨૩ ટ્રસ્ટીઓ અને ૦૮ દાતાશ્રીઓની ખાલી પડેલ જગ્યા માટે નીચે મુજબના નવા ટ્રસ્ટીઓની આગામી પાંચ વર્ષ (૨૦૨૨-૨૦૨૭) માટે નિમણુંક કરવામાં આવેલ છે.

**શ્રી રાજેન્દ્ર કિર્તનલાલ દેસાઈ (લાટવાળા)** **શ્રી નિતિનભાઈ જયંતિલાલ પરીખ (બખલી)** **શ્રી પરેશ રસિકલાલ પરીખ (દુધવાળા)**
**શ્રી જતીન નવનીતલાલ દેસાઈ** **શ્રી યોમેશ નટવરલાલ શાહ** **શ્રી રાજુલ મોહનલાલ પરીખ (લાય)**
**શ્રી વ્રજેશ નવનીતલાલ દેસાઈ** **શ્રી મણીકાંત છોટાલાલ કડકીઆ** **શ્રી સતીષ રસિકલાલ પરીખ (લાકડાવાળા)**
**શ્રી હિતેન્દ્ર ચીમનલાલ પરીખ** **શ્રી નિમિષ મનહરલાલ કડકીઆ (મલમ)** **શ્રી અરવિંદ ચીમનલાલ પરીખ**
**શ્રી રાવજીભાઈ બેચરભાઈ પટેલ** **શ્રી પંકજ કાંતિલાલ ધારીઆ (લાલખાં)** **શ્રી વિપીનચંદ્ર ઓચ્છવલાલ મોદી**
**શ્રી અનિશ સુરેન્દ્ર ગાંધી** **શ્રી નિખીલ રમણીકલાલ ધારીઆ** **શ્રી જીગર મણીકાંત કડકીઆ**
**શ્રી મંજુલ શૈલેષ ધારીઆ** **શ્રી પંકજ મનુભાઈ શાહ (ચા વાળા)** **શ્રી નિતીન રજનીકાંત શાહ**
**શ્રી બિંદી ચેતન ધારીઆ** **શ્રી અતુલ પુનમચંદ શાહ** **શ્રી યોગેશ રમણીકલાલ ધારીઆ (જજ)**
**શ્રી નિતિન પ્રવિણચંદ્ર ગાંધી** **શ્રી મહેશ ચીમનલાલ કડકીઆ (બનડા)** **શ્રી વિરેન્દ્ર કંચનલાલ ગાંધી (સુરતી)**
**શ્રી દક્ષેશ બાબુલાલ કડકીઆ (લટકારી)** **શ્રી રજનીકાંત ઓચ્છવલાલ શાહ (ઠાસરાવાળા)** **શ્રી મયંક રજનીકાંત કડકીઆ (ચોકસી)**
**શ્રી કૌશીકભાઈ શાંતીલાલ શાહ**

તેમજ વાર્ષિક સામાન્ય સભા પછી તરત જ મળેલ કાર્યવાહક સમિતિની સભામાં એજન્ડા નં.૪ મુજબ ટ્રસ્ટના નીચે મુજબના હોદ્દેદારોની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ છે.

**૧. શ્રી રાજેન્દ્ર કિર્તનલાલ દેસાઈ (લાટવાળા) - પ્રમુખ** **૨. શ્રી નિતિન જયંતિલાલ પરીખ (બખલી) - ઉપપ્રમુખ**
**૩. શ્રી પરેશ રસિકલાલ પરીખ (દુધવાળા) - મંત્રી** **૪. શ્રી જતીન નવનીતલાલ દેસાઈ - મંત્રી**
**૫. શ્રી યોમેશ નવટરલાલ શાહ - ખજાનચી**

ટ્રસ્ટમાં વર્ષ ૨૦૨૨-૨૦૨૭ માટે સહાયક સભ્યો તરીકે બે સભ્યોશ્રીઓને નીમવા બાબતે મંત્રીશ્રીએ સભા સમક્ષ પ્રસ્તાવ રજુ કરેલો. જેને સર્વાનુમતે માન્ય રાખીને બે સભ્યોની સહાયક સભ્યો તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

**૧. શ્રી ડૉ. શિશિર પી. ગાંધી (એમ.ડી.મેજીસીન ફીજીશીયન)** **૨. શ્રી પ્રદિપભાઈ અરવિંદભાઈ ત્રીવેદી (એડવોકેટ તથા નોટરી)**

શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ નર્સીંગ કોલેજને પરીક્ષા કેન્દ્રની માન્યતા ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા તરફથી મળેલ છે. તે સંસ્થા માટે ગર્વનો વિષય છે.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટને એ.એન.એમ. નર્સીંગ કોર્ષ તથા બી.એસ.સી. નર્સીંગ કોલેજની ગુજરાત નર્સીંગ કાઉન્સીલ તરફથી મળેલ માન્યતા મુજબ આ બેઉ કોર્ષ ચાલુ થઈ ગયેલ છે.

ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થિક રાહત મિતી યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નો ફાળો નોંધાવી ગરીબ દદીઓને રાહત દરે દવાનો આપવા સહભાગી થવા દાતાશ્રીઓને વિનંતી.

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં રૂા. ૫૦૦૦/- ભરી આજીવન સભ્ય થવા માટે વિનંતી.

**શ્રી પરેશ પરીખ / શ્રી જતીન દેસાઈ - માનદ્ મંત્રીશ્રીઓ**

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ - શ્રી બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરીટેબલ ટ્રસ્ટ

મંડળ દ્વારા રજુ કરાયેલ વિવિધ નવી શૈક્ષણિક યોજનાઓને સમાજના દરિયાદલ દાતાશ્રીઓ તરફથી નક્કર પ્રતિસાદ સાંપડયો છે.

ઉપરોક્ત મંડળની નીચે જણાવેલ શૈક્ષણિક યોજના માટે દાતાશ્રીના નામે નામાંકરણ કરવામાં આવેલ છે.

**.૧. શ્રીમતી સુધાબેન પી.કે. શાહ (પ્રિઅજેને) એજ્યુકેશન સ્કીમ ફોર કોચીંગ ક્લાસીસ (પ્રોફેશનલ કોર્સીસ) રૂા. ૧૧,૦૦,૦૦૦/-**

**કારોબારી સમિતિ વતી જસ્મિન બી. શેઠ તથા ધર્મેશ જ. શાહ - માનદ્ મંત્રીઓ**

# મેરી આવાજ હી પહચાન હૈ...

- **નિમિષા જીજ્ઞેશ કડકીઆ (મરઘા)**



સ્વર સામ્રાજ્ઞી તથા ભારતની સ્વર કોકિલા નામે જગવિખ્યાત એટલે લતા મંગેશકર. ભારત રત્નથી સન્માનિત લતા મંગેશકર દ્વારા ગવાયેલ ગીત 'નામ ભુલ જાયેગા, ચહેરા ભી બદલ જાયેગા, મેરી આવાજ હી પહચાન હૈ, ગર યાદ રહે' તો આવો તેમના સદાબહાર હીતોની મહેફિલમાં એક લટાર મારી લઈએ.

- ઉઠાએ જા ઉનકે સિતમ....(અંદાજ)
- હવા મેં ઉડતા જાએ....(બરસાત)
- આએગા આએગા આએગા આને વાલા....(મહલ)
- ઘર આયા મેરા પરદેશી....(આવારા)
- તુમ ન જાને કિસ જહાઁ મેં....(સજા)
- યે જિંદગી ઉસી કી હૈ....(અનારકલી)
- મન ડોલે મેરા તન ડોલે....(નાગિન)
- મોહે ભૂલ ગયે સાઁવરિયા....(બૈજૂ બાવરા)
- યૂઁ હસરતોં કે દાગ....(અદાલત)
- જાએં તો જાએં કહાઁ....(ટેક્સી ડ્રાઈવર)
- પ્યાર હુઆ ઈકરાર હુઆ....(શ્રી ૪૨૦)
- રસિક બલમા....(ચોરી ચોરી)
- એ માલિક તેરે બંદે હમ....(દો આઁખે બારહ હાથ)
- આ લૌટ કે આજા મેરે મીત....(રાની રૂપમતી)
- પ્યાર કિયા તો ડરના ક્યા....(મુગલ એ આજમ)
- ઓ બસંતી પવન પાગલ....(જિસ દેશમેં ગંગા બહતી હૈ)
- જ્યોતિ કલશ છલકે....(ભાભી કી ચૂડિયાઁ)
- અલ્લાહ તેરો નામ....(હમ દોનોં)
- પંખ હોતે તો ઉડ આતી રે....(સેહરા)
- બિંદિયા ચમકેગી....(દો રાસ્તે)
- ચલતે ચલતે....(પાકીજા)
- સુન સાહિબા સુન....(રામ તેરી ગંગા મેલી)
- કબૂતર જા જા....(મૈંને પ્યાર કિયા)
- મેરે હાથોં મેં નૌ નૌ ચૂડિયાઁ હૈ....(ચાંદની)
- યારા સીલી સલી....(લેકિન)
- દીદી તેરા દેવર દીવાના....(હમ આપકે હૈ કૌન)
- મેરે ખ્વાબોં મેં જો આયે....(દિલવાલે દુલ્હનિયા લે જાએંગે)
- દિલ તો પાગલ હૈં....(દિલ તો પાગલ હૈ)
- જિયા જલે જાઁ જલે....(દિલ સે)
- હમકો હમીં સે ચુરા લો....(મોહબ્બતેં)

લતા મંગેશકરે આવા તો અનેક ગીતો ગાઈને અનેક પુરસ્કારો અને સન્માનો જીત્યા હતા. જેમાં ભારતનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્ન (૨૦૦૧), પદ્મભૂષણ (૧૯૬૯), પદ્મવિભૂષણ (૧૯૯૯), લાઈફટાઈમ અચિવમેન્ટસ ઝી સિને એવોર્ડ (૧૯૯૯), દાદા સાહેબ ફાળકે એવોર્ડ (૧૯૮૯), મહારાષ્ટ્ર ભૂષણ એવોર્ડ (૧૧૯૭), એનટીઆર રાષ્ટ્રીય પુરસ્કાર (૧૯૯૯), લિજન ઓફ ઓનર (૨૦૦૭), એએનઆર રાષ્ટ્રીય પુરસ્કાર (૨૦૦૭), ત્રણ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો અને ૧૫ બંગાળ પત્રકાર સંઘ પુરસ્કારોનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત તેમણે શ્રેષ્ઠ મહિલા પાર્શ્વ ગાયિકા તરીકે ચાર ફિલ્મફેર એવોર્ડર્સ પણ જીત્યા હતા. ૧૯૯૩માં તેમને ફિલ્મફેર લાઈફટાઈમ અચિવમેન્ટ એવોર્ડ અને ૧૯૯૪ અને ૨૦૦૪માં ફિલ્મફેર વિશેષ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

૧૯૮૪માં મધ્ય પ્રદેશ રાજ્ય સરકારે તેમના સન્માનમાં 'લતા મંગેશકર પુરસ્કાર' ની સ્થાપના કરી હતી. પાછળથી મહારાષ્ટ્ર રાજ્ય સરકારે પણ ૧૯૯૨માં 'લતા મંગેશકર એવોર્ડ'ની સ્થાપના કરી હતી.

લતાજીને ૨૦૦૯માં ફ્રાન્સના સર્વોચ્ચ પુરસ્કાર તરીકે 'ઓફીસર ઓફ ધ ફ્રેન્ચ લિજન ઓફ ઓનર' ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો. ૨૦૧૨ના આઉટલુક ઈન્ડિયાના સર્વેક્ષણમાં શ્રેષ્ઠતમ ભારતીયમાં તેમને ૧૦મા સ્થાને મૂકવામાં આવ્યા હતા.

લતાજીને ૧૯૮૯માં સંગીત નાટક અકાદમી ઉપરાંત કોલ્હાપુરની ઈન્દિરા કલા સંગીત વિશ્વવિદ્યાલય, ખૈરાગઢ અને શિવાજી યુનિવર્સિટી તરફથી માનદ્ ડૉક્ટરેટની પદવી પણ એનાયત કરવામાં આવી હતી.

卐 卐 卐


# ભારત સરકારના વિવિધ પુરસ્કારો (એવોર્ડ)

- તુષાર મહેન્દ્રકુમાર કડકીઆ (બનડા)


દેશના પ્રતિભાશાળી જેમ કે સાહિત્યમાં, કલામાં, ખેલમાં, વિજ્ઞાનમાં અને સમાજમાં સેવાના વિશિષ્ટ ક્ષેત્રોમાં યોગદાન આપનારને ઈ.સ. ૧૯૫૪ થી આ એવોર્ડ આપવામાં આવે છે. 'ભારત રત્ન' એ ભારત સરકાર તરફી અપાતો સૌથી મોટો એવોર્ડ છે. ભારત રત્ન ભારત દેશનો સર્વોચ્ચ નાગરિક સન્માન પુરસ્કાર છે. આ પુરસ્કાર રાષ્ટ્રની સેવા બદલ એનાયત કરવામાં આવે છે. આ સેવાઓમાં કલા, સાહિત્ય, વિજ્ઞાન અથવા સાર્વજનિક ક્ષેત્રે આપેલી સેવાઓનો સમાવેશ થાય છે. શરૂઆતમાં આ સન્માન ફક્ત કળા, વિજ્ઞાન, સાહિત્ય અને જાહેર સેવાનાં ક્ષેત્રમાં પ્રદાન કરનારી વ્યક્તિઓને જ આપવામાં આવતો હતો. પણ ડિસેમ્બર ૨૦૧૧ માં કરેલા સુધારા મુજબ આ ક્ષેત્રને વિસ્તૃત કરીને કોઈપણ ક્ષેત્રમાં માનસ સેવાના પ્રયાસ બદલ આપવામાં આવે છે.

આ પુરસ્કારની શરૂઆત ૨ જાન્યુઆરી ૧૯૫૪માં એ સમયના રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્ર પ્રસાદ દ્વારા કરવામાં આવી હતી. આ સન્માન માટે દર વર્ષે ભારતના વડાપ્રધાન દ્વારા ભારતના રાષ્ટ્રપતિને ભલામણ કરવામાં આવે છે. દર વર્ષે વધુમાં વધુ ત્રણ નામોની ભલામણ કરી શકાય છે. આ સન્માન મેળવનારી વ્યક્તિઓને રાષ્ટ્રપતિનાં હસ્તાક્ષરવાળું એક પ્રશસ્તિપત્ર અને પીપળાનાં પાનના આકારનું સન્માનચિન્હ આપવામાં આવે છે. આ સન્માન સાથે કોઈ નાણાકીય પુરસ્કાર જોડાયેલ નથી. પણ ભારતરત્ન મેળવનારી વ્યક્તિને ભારતનાં શિષ્ટાચારની યાદીમાં સાતમાં ક્રમે ગણવામાં આવે છે.


પદ્મવિભૂષણ, પદ્મભૂષણ અને પદ્મશ્રી એવોર્ડ દેશમાં જુદા-જુદા ક્ષેત્રોમાં અસાધારણ અને વિશિષ્ટ કામગીરી કરનારને આ એવોર્ડ આપવામાં આવે છે.



તેમાં પ્રથમ પુરસ્કાર પદ્મવિભૂષણ પુરસ્કાર અપાય છે. ભારત સરકાર દ્વારા વાર્ષિક ધોરણે આપવામાં આવે તો દેશનો બીજા ક્રમનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે. જે દેશ માટેના સૈનિક ક્ષેત્ર સિવાયના ક્ષેત્રમાં અસાધારણ યોગદાન માટે એનાયત કરવામાં આવે છે.



બીજા પુરસ્કાર તરીકે પદ્મભૂષણ પુરસ્કાર અપાય છે. ભારત સરકાર દ્વારા વાર્ષિક ધોરણે આપવામાં આવતો દેશનો બીજા ક્રમનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર છે. જે દેશ માટેના સૈનિકક્ષેત્ર સિવાયના ક્ષેત્રમાં અસાધારણ યોગદાન માટે એનાયત કરવામાં આવે છે.



ત્રીજો પુરસ્કાર પદ્મશ્રી પુરસ્કાર અપાય છે. ભારત સરકાર દ્વારા વાર્ષિક ધોરણે આપવામાં આવતો એક પુરસ્કાર છે. જે દેશ માટેના સૈનિકક્ષેત્ર સિવાયના ક્ષેત્રમાં અસાધારણ યોગદાનના માટે એનાયત કરવામાં આવે છે. જેમાં કલા, શિક્ષણ, ઉદ્યોગ, સાહિત્ય, વિજ્ઞાન, ખેલકુદ, સમાજ સેવા વગેરેમાં સેવા આપવા બદલ આપવામાં આવે છે.


ત્યારબાદ દ્રોણાચાર્ય એવોર્ડ અપાય છે. જે સત્તાવાર રીતે રમતો અને રમતોમાં ઉત્કૃષ્ટ કોચ માટે દ્રોણાચાર્ય એવોર્ડ તરીકે ઓળખાય છે. આ પુરસ્કાર દ્રોણા નામના નામ પરથી ઉતરી આવ્યો છે. જેને ઘણી વખત 'દ્રોણાચાર્ય' અથવા 'ગુરૂ દ્રોણ' તરીકે ઓળખવામાં આવે છે. જે પ્રાચીન ભારતના સંસ્કૃત મહાભારતના એક પાત્ર છે. તે અદ્યતન લશ્કરી યુદ્ધના સ્વામી હતા અને તેઓ કૌરવ અને પાંડવોના ગુરૂ પણ હતા. આ એવોર્ડને 'યુવા બાબતો અને રમત-ગમત' મંત્રાલય દ્વારા વાર્ષિક ધોરણે આપવામાં આવે છે. વર્ષ દરમિયાન રમત ગમત ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર ખેલાડીઓને આ એવોર્ડ એનાયત થાય છે.




ત્યારબાદ આવતો અર્જુન એવોર્ડર્સને યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા ભારત સરકાર દ્વારા આપવામાં આવે છે. ૧૯૬૧ માં શરૂ થયેલા આ એવોર્ડમાં પાંચ લાખનું રોકડ ઈનામ, અર્જુનની કાંસ્ય પ્રતિમા અને એક સ્ક્રોલ પણ અપાય છે.




દેશના વિર જવાનોને યુધ્ધમાં અસાધારણ બહાદુરી બતાવનાર એવા બલિદાન આપનાર લશ્કરી દળોના સભ્યોને પ્રથમ પરમવીર ચક્ર, બીજો મહાવીર ચક્ર અને ત્રીજો વીર ચક્ર જેવા વિવિધ એવોર્ડ આપીને તેમનું સન્માન કરવામાં આવે છે. એનાયત કરવામાં આવે છે.



આ એવોર્ડમાં પ્રથમ પરમ વીર ચક્ર ભારતની સૌથી પ્રથમ કક્ષાનો લશ્કરી એવોર્ડ છે. જે યુદ્ધ સમય દરમિયાન બહાદુરીના નામાંકિત કાર્યો દર્શાવવા બદલ આપવામાં આવે છે. પરમ વીર ચક્ર યુનાઈટેડ સ્ટેટસમાં મેડલ ઓફ ઓનર અને યુનાઈટેડ કિંગડમમાં વિક્ટોરિયા ક્રોસની સમકક્ષ છે. અત્યાર સુધી માત્ર ૨૧ સૈનિકોને આ પુરસ્કાર મળ્યો છે.



બીજો એવોર્ડ મહાવીર ચક્ર જે પરમવીર ચક્ર બાદ ભારતનો બીજો સૌથી મોટો લશ્કરી એવોર્ડ છે, અને દુશ્મનની હાજરીમાં વિશિષ્ટ બહાદુરીનાં કૃત્યો માટે સ્નામાનિત કરવામાં આવે છે. ભલે જમીન પર, સમુદ્ર પર અથવા હવામાં કરેલ હોય. આ મેડલ મરણોત્તરથી એનાયત કરી શકાય છે.



ત્રીજો એવોર્ડ વીર ચક્ર તરીકે અપાય છે. યુદ્ધભૂમિમાં બહાદુરીનાં કૃત્યો માટે એક પુરસ્કાર છે. આ યુદ્ધ સમયના બહાદુરી પુરસ્કારોમાં છેલ્લે છે. આ એવોર્ડ બહાદુરીના એવોર્ડમાં પરમવીર ચક્ર અને મહાવીર ચક્ર પછી આવે છે.

(ક્રમશ :)

## પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

D **શ્રી શરદ આર. ધારિયા**
ફલેટ નંબર-૪૮, ૩ જે માળે, કૈલાશ નગર કો.હા.સો., ૬૫૮, તારદેવ રોડ, ભાટીયા હોસ્પિટલની સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૭

D **શ્રી નટવરલાલ એસ. પારેખ**
બી - ૫૧૦, ૫મે માળે, પ્લોટ ૫૧૦, બી વિંગ શુભમ રીહાબ, વિઠ્ઠલભાઈ પટેલ રોડ, અમૃતવાડી, ગીરગાંવ, મુંબઈ - ૪૦૦૦૦૪

## બાલાસિનોરનું ગૌરવ

**ડૉ. રાજેશ પી. ધારિયાને**
**મહારાષ્ટ્ર સરકાર તરફથી**
**Best Orthopedic Surgeon નો**
**ખિતાબ મળ્યો છે.**
સંસ્થા તરફથી તેમનેહાર્દિક અભિનંદન.

## તેજસ્વી તારલા

D **ડૉ. ખુશ્બુ નિલેશ કડકીઆ** Super Speciality , M.Ch. (Plastic and Reconstructive Surgeon) માં First Class પાસ થયેલ છે.

D **નિકેશ રાકેશ શાહ** M.B.A. Finance Managment માં ઉત્તિર્ણ થયેલ છે.

સંસ્થા તરફથી આપ સર્વેને હાર્દિક અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| D નટવરલાલ સાંકરલાલ પારેખ | ૯૯ |
| D શકુંતલાબેન કિરીટભાઈ પરીખ (વળદલાવાળા) | ૭૯ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

Authorised Distributors

# POLYCAB
WIRES & CABLES






- FR/FR-LSH-PVC INSULATED INDUSTRIAL MULTI STRAND CABLES
- PVC INSULATED INDUSTRIAL FLEXIBLE SINGLE / MULTI CORE CABLES
- 3 CORE FLAT SUBMERSIBLE CABLES / SERVICE WIRES
- HT / LT POWER AND CONTROL CABLES
- RAILWAY SIGNALLING / QUAD CABLES
- COAXIAL / TELEPHONE / LAN CABLES
- WELDING / BRAIDED CABLES
- JELLY FILLED TELEPHONE CABLES
- INSTRUMENTATION CABLES
- SPEAKER / CCTV CABLES
- RUBBER CABLES
- FIRE SURVIVAL CABLES
- LIGHTING & LUMINARIES
- SWITCHES & SWITCHGEARS
- UPVC CONDUITS & FITTINGS
- CABLE GLANDS & LUGS
- FANS & APPLIANCES

**AMRISH KACHARIA +91 9769025153**

## PRABHAT WIRES LLP

1st Floor, Govind Niwas, 99/101, Lohar Chawl, Mumbai - 400 002.
Tel.: +91 22 4972 4848 (10 Lines) • Talk Free : *7444 / *7619
Email : sales@prabhatwires.in | Website : www.prabhatwires.in

WPP License No. MR/TECH/WPP-147/South/2021-23
Regd.No.MCS / 050 / 2021-23
Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001 on 20th & 21st of every month

Celebrating 45 Years

ANUKOOL selections

BACK TO SCHOOL VIA ANUKOOL

SCHOOL UNIFORMS & ACCESSORIES
FOR ALL LEADING SCHOOLS

NAVIN PAREKH RASESH PAREKH

542, Sandhurst Bridge, Chowpatty,Mumbai - 400 007.Contact: ☎ 2361 2848 - 2369 4166, 9930635579
E: anukoolselections@gmail.com, W: www.anukoolselections.com

IES®

Celebrating 25th Year

INTEGRATED ENTERTAINMENT SOLUTIONS

Your Indian Distribution Partner

Intelligent Pro-Lighting, Pro-Sound & AV Distribution

ROBE AVOLITES MADRIX LIGHTING CONTROL HK AUDIO

ANOLIS Lucent ASHLY lumenradio Luminex CAPTURE PENTON DJPOWER

Concept · Design · Installation · Supply · Training · Maintenance

E: iesolns@gmail.com W:www.iesolns.com. Rasesh Parekh: 9821125579

Printed, Published & Edited by Bankim Rajnikant Parikh on behalf of Shree Balasinor Navyuvak Sangh & Printed at Lohana Hitechhu, 6/B, Mohatta Bhavan, 3rd Floor, E. Moses Road, Worli Mumbai - 400018 & Published at 118/120, Ardeshar Dadi Street, 2nd Floor, V.P.Road, Mumbai - 400004.